ગાંધીનગર સમાચાર

તા. ૨૭-૯-૨૦૧૪, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી....

### યુતિમાં ભંગાણ : નવાં સમીકરણોની શક્યતા

સત્તા કેવી વિનાશલીલા સરજી શકે એનું ઝળહળતું ઉદાહરણ 'મહાભારત' છે. પ્રશ્ન રાજા કોણ - એટલો જ હતો. ધૃતરાષ્ટ્ર અંધ હતા, પોતે પાંડુનું રાજ ભોગવી રહ્યા હતા તે જાણવા છતાં પુત્રમોહને કારણે સર્વનાશનું નિમિત્ત બન્યા. મહારાષ્ટ્રમાં પચીસ વર્ષનું બે હિંદુત્વવાદી પાર્ટીઓનું જોડાણ તૂટ્યું એમાં ઉદ્ધવ ઠાકરોનાં ઉદ્ધત નિવેદનો અને મુખ્યમંત્રી પદની લાલસા જ જવાબદાર છે. પાંચ બેઠકો આમ કે તેમ કરવામાં ભાગ્યે જ કોઇ મુશ્કેલી નડી હોત. પરંતુ ઉદ્ધવ ઠાકરેએ એમના પ્રતાપી પિતાના જ કોઇ મુશ્કેલી નડી હોત. પરંતુ ઉદ્ધવ ઠાકરેએ એમના પ્રતાપી પિતાના પેંગડામાં પગ ઘાલીને જે હકદાવા રજૂ કર્યા તે નરેન્દ્ર મોદી જેવા સ્વમાની નેતા માટે જીરવવા અઘરા હતા. ઉદ્ધવનું એવડું મોટું વજૂદ નથી, છતાં શિવસેનાના સર્વેસર્વા તરીકે એ મહારાષ્ટ્ર પૂરતા 'મોટા ભા' બનવાની જીદ લઇ બેઠા હતા. વહેવારુ દૃષ્ટિએ જોઇએ તો ઉદ્ધવનો પ્રભાવ મુંબઇ શહેર અને થોડાક બીજા વિસ્તારો પૂરતો મર્યાદિત છે. શિવસેના કોઇ રાષ્ટ્રીય પ્રભાવ ધરાવતી પાર્ટી નથી. 'મરાઠી માણૂસ'ની અસ્મિતાના મુદ્દે બાળાસાહેબ ઠાકરેએ ઊભું કરેલું સંગઠન એની ધાક માટે જાણીતું છે. બાલ ઠાકરે ગાંધીજીને રાષ્ટ્રપિતા માનવા તૈયાર નહોતા. એમના કટ્ટર હિંદુત્વ સામે સંઘનો સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ ઘણો ફિક્કો લાગે. વડાપ્રધાન અટલબિહારી વાજપેયી ૨૦૦૨માં રમખાણોમાં કહેવાતી સંડોવણીના મુદ્દે મોદીને ગુજરાતના મુખ્યમંત્રીપદેથી હટાવવા મન બનાવી ચૂક્યા હતા. બાલ ઠાકરેએ ત્યારે મોદીની ખુલ્લી તરફેણ કરેલી. અડવાણી ઠાકરેને મળવા ગયેલા ત્યારે તેમણે મોદીને ચાલુ રાખવાની ભલામણ કરી હતી. આ વાત સાચી હોય તો પણ ઉદ્ધવ ઠાકરે એનો હવાલો આપીને મહારાષ્ટ્રમાં પોતાની સર્વોચ્ચતા દર્શાવવા પ્રયત્ન કરે એ મોદીથી જીરવાય ખરું? ઉદ્ધવે વારંવાર મુખ્યમંત્રી પદનો પણ દાવો કર્યો હતો. ભાજપ પાસે ઉદ્ધવ ઠાકરેની સરખામણીમાં ઘણા નીવડેલા નેતાઓ છે. ગોપીનાથ મુંડે ગ્રાસરૂટ સ્તરના લોકપ્રિય નેતા હતા અને કેન્દ્રીય મંત્રી નીતીન ગડકરી તો ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ રહી ચૂક્યા હતા. વળી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની ગુડ બુકમાં પણ ખરા. આ ઉપરાંત નાના ઘટક પક્ષોને માટે બેઉ પક્ષો બહુ ઓછી બેઠકો છોડવા તૈયાર હતા. આખરે ઘણા મનોમંથન પછી પચ્ચીસ વર્ષ જૂની યુતિમાં ભંગાણ પડી ગયું છે. ભાજપને ઉદ્ધવ કરતાં શરદ પવારને સાથે લેવામાં વિશેષ રસ છે. શક્તિશાળી મરાઠા નેતા સાથે સાંઠગાંઠ કરીને ભાજપ મહારાષ્ટ્રમાં પોતાની શરતે ચૂંટણી લડવા નેતા સાથે સાંઠગાંઠ કરીને ભાજપ મહારાષ્ટ્રમાં પોતાની શરતે ચૂંટણી લડવા માગે છે. મરાઠા નેતા વિચક્ષણ રાજપુરૂષ છે. સમયને પારખવાની અદ્‌ભૂત આવડત ધરાવે છે. એમને ખબર છે કે 'એન્ટિ ઇન્કમ્બન્સી' ફેક્ટર આ વખતે મહારાષ્ટ્રમાં અસરકારક રહેવાની શક્યતા છે. તેથી 'ચલો ચલેં મોદી કે સાથ'વાળા સૂત્ર સાથે અનુકૂળ થવામાં એમણે ભાગ્યે જ કોઇ ક્ષોભ થશે. કોંગ્રેસની જોહુકમી હેઠળ એના સહયોગી તરીકે રહેવામાં હવે એમને કોઇ સાર નથી દેખાતો. પરિણામે વર્તમાન કોંગ્રેસ - એનસીપી ગઠબંધન પણ ચાલુ રાખવામાં શરદ પવાર - અજિત પવાર, પ્રફુલ્લ પટેલ - સહિત એનસીપીના અગ્રણીઓને શરૂથી ઓછી રૂચિ દેખાતી હતી, જે ટિકિટોની વહેંચણી અને બેઠકોની ભાગબટાઇ પૂર્વે ખુલ્લંખુલ્લા બહાર આવી ગઇ છે. આ બે યુતિઓના ભંગાણથી કોને લાભ અને કોને નુકશાન થશે, તે કહેવું અઘરું છે. સવિશેષ ચારે પક્ષો હવે વોટની ચાર ભાગમાં વહેંચણીથી પોતાનો ઉમેદવાર જીતી જાય એવી રાજરમત રમી રહ્યા છે. જ્ઞાતિ અને ઉમેદવારનું વ્યક્તિત્વ તથા 'મરાઠી અસ્મિતા' નો મુદ્દો પણ મહત્ત્વનાં બની રહેશે. મનસેના રાજ ઠાકરે માટે આ ભંગાણ શુકનિયાળ સાબિત થઇ શકે. નાના ઘટક પક્ષો પોતાની સાથે મોટા પક્ષોએ કરેલા વિશ્વાસઘાતનો મુદ્દો ઉઠાવશે પણ અંતે તો એમનું અસ્તિત્વ જોખમમાં જ મુકાશે. ચૂંટણી પરિણામો પછી જે નવાં સમીકરણો રચાશે તે રસપ્રદ પણ હશે અને જગના માટે સગવડિયા નેતાઓથી વાજ આવી જઇ કોઇ વધુ શાણપણભર્યું પગલું ભરે તેવી શક્યતા પણ નકારી શકાતી નથી. પચ્ચીસ વરસ સુધી ખભેખભા મિલાવીને રાજકારણ ખેડતા રહેતા ભાજપ અને શિવસેનાના નેતાઓ પોતાનો બાંધી મૂઠીનો ભ્રમ ખુલ્લો પડતાં આક્રમક બનશે કે પછી એને 'ફ્રેન્ડલી મેચ' ગણાવશે? અલબત્ત શિવસેના પાસે વિનયપૂર્ણ ભાષાની અપેક્ષા રાખવી વધુ પડતું જ ગણાશે.



ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડને ૨૦૧૪માં ઈ-ગવર્નન્સ યોજના હેઠળ ટેકનોલોજીનો સરકારી કામકાજમાં ઉપયોગ વધારવાના હેતુસર રાષ્ટ્રીય કક્ષાએ સ્કોચ એવોર્ડ એનાયત થયો છે. સને ૨૦૧૩માં બોર્ડ દ્વારા સર્વગ્રાહી મુલ્યાંકન પધ્ધતિને ધોરણ-૧૦ માટે સ્વીકારવામાં આવી. જેના અંતર્ગત શાળા તરફથી મળેલ ૩૦ માર્કસમાંથી અને બોર્ડની પરીક્ષામાં મેળવેલ ગુણના ૭૦ ટકા અને ૧૦ માર્કસની માર્કશીટ વિદ્યાર્થીને આપવાની શરૂઆત થઈ. શાળા કક્ષાએથી બોર્ડના પરીક્ષા વિભાગને માહિતી મોકલવામાં કાગળ, માનવશક્તિ અને ટ્રાન્સપોર્ટેશનનો વ્યય થયો હતો. તેને અટકાવવા ઓન લાઈન ઈન્ટરનલ પ્રેક્ટીકલ માર્કસ કેપ્ચરીંગની પધ્ધતિ દાખલ કરવામાં આવી જે ખૂબ જ સફળ રહી. ૧૦ દિવસના સમયગાળામાં અંદાજે ૧૦ લાખ વિદ્યાર્થીઓના ૫૦ લાખ વિષય માર્કસની એન્ટ્રી ૧૦ હજાર શાળાઓ દ્વારા કોઈપણ પ્રકારની ભૂલ વગર કરવામાં આવી. સફળતાપૂર્વક આવી અટપટી કાર્યપધ્ધતિમાં ટેકનોલોજીનો ઉપયોગ કરી તેને સરળ બનાવવા ઈરાદાથી કરેલ પ્રોજેક્ટને સ્કોચ એવોર્ડ અને ઓર્ડર ઓફ મેરીટ એનાયત થયો. તે જ રીતે ગત વર્ષે પરીક્ષા શુધ્ધિકરણના પ્રયાસ માટે ૧૨ જિલ્લાઓની ૭૧ શાળાના ૧૨૧૩ વર્ગ ખંડોને ટેબલેટ દ્વારા અને અન્ય ૩૦ ટકા જેટલા વર્ગ ખંડોને સીસીટીવી દ્વારા રેકોર્ડ કરવામાં આવ્યા. આ ટેબલેટ અને સીસીટીવીના કારણે વિદ્યાર્થીઓ અને શિક્ષકો ઉપર માનસિક દબાણ રહ્યું અને ગેરરીતીની સંખ્યા ઘટી. ઉપરોક્ત કરેલ કામગીરીને અંતે ૭૪૪ જેટલા વિદ્યાર્થીઓને સજા કરવામાં આવી. તેમને જુલાઈ ૨૦૧૪માં જે તે વિષયની પરીક્ષા ફરી આપવાનો આદેશ કરવામાં આવ્યો અને બોર્ડે તેને રેમેડીયલ પરીક્ષા એવું નામ આપ્યું. શુધ્ધિકરણના આ પ્રયોગ દરમ્યાન પકડાયેલ ૩૯૦ જેટલા શિક્ષકો પણ સજાને પાત્ર ઠર્યા.

## મેડીકલ-પેરામેડીકલ બેઠકો માટે પ્રવેશ પ્રક્રિયા પ્રારંભ

અમદાવાદ, તા.૨૬

મેડીકલ અને પેરામેડીકલની રિશફલિંગની કાર્યવાહી પુરી થયા બાદ ખાલી પડેલી જગ્યાઓ માટે ત્રીજા રાઉન્ડની પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી જે પણ પૂર્ણ થઈ ચુકી છે. આમ છતાં હજુ પણ કુલ ૫૮૭ બેઠકો ખાલી પડી છે જેના પર વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવા માટે આવતીકાલથી ચોથા રાઉન્ડની પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. જેમાં અત્યાર સુધી પ્રવેશથી વંચિત વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવશે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ મેડીકલ અને પેરામેડીકલ અભ્યાસક્રમોની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થવાને આડે હવે માત્ર ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે. આ પહેલા મેડીકલ અને પેરામેડીકલની રિશફલીંગની કાર્યવાહી પુરી થયા બાદ ખાલી પડેલ બેઠકો માટે ત્રી રાઉન્ડની પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. તેમ છતાં હજુ કુલ ૫૮૭ બેઠકો ખાલી પડી છે. જેમાં ડેન્ટલની ૮૪, બીએસસી નર્સીંગની ૪૩૯, ઓપ્ટોમેટ્રીમાં ૩૩ અને ઓડિયોલોજીની ૧૫ બેઠકોનો સમાવેશ થાય છે.

## હરિની દૃષ્ટિ...



ચાલ ઘરે જઇએ ઉજાગરા કરવાની જરૂર નથી... આપણી દીકરી છે... એ કોઇ માણસનાં પ્રેમમાં નહીં પડે...!!

## એમ્પ્લોયેબિલિટી સ્કીલ ડેવલોપમેન્ટ વિશે વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા.૨૬

કડી સર્વ વિશ્વ વિદ્યાલય અને કેરિયર શેપરના સંયુકત ઉપક્રમે ફેકલ્ટી ઓફ એજયુકેશન સેકટર-૨૩, ગાંધીનગરના વિદ્યાર્થીઓ માટે ૧૭ થી ૨૪ સપ્ટેમ્બર સુધી એમ્પ્લોયેબિલિટી સ્કીલ ડેવલોપમેન્ટ વિશેના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં પોર્ટફોલીયો, રિજયુમ, ઓરિએન્ટેશન સ્કીલ ફોર ઈન્ટરવ્યુ, પ્રેઝન્ટેશન સ્કીલ, પોઝેટીવ એટીટયુડ સ્કીલ, પર્સનાલિટી ડેવલોપમેન્ટ સ્કીલ, વુમન એમ્પાવરમેન્ટ સ્કીલ, કમ્પ્રેહેનશન સ્કીલ, પ્રોબ્લેમ સોલ્યુશન વિગેરે વિશે કેરિયર શેપરમાંથી ઉપસ્થિત રહેલા તજજ્ઞોએ માહિતી આપી હતી. આ શિબિરમાં બી.એડ. અને એમ.એડ. કોલેજના ૨૩૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમનું આયોજન ફેકલ્ટી ઓફ એજયુકેશનના ડીન પ્રો.વીણાબેન પટેલના માર્ગદર્શન નીચે કરવામાં આવ્યું હતું.

# સીબીએસઈની શાળાઓમાં સ્વચ્છ ભારત અભિયાન શરૂ

### કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા સંલગ્ન બધી શાળાને પરિપત્ર પાઠવીને અભિયાન ચલાવવા માટે આદેશ કરાયો

અમદાવાદ, તા.૨૬

કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ (સીબીએસઈ) દ્વારા સંલગ્ન તમામ શાળાઓને પરિપત્ર પાઠવીને સ્વચ્છ ભારત, સ્વચ્છ વિદ્યાલય, અભિયાન ચલાવવા આદેશ આપવામાં આવ્યો છે. જે અંતર્ગત અમદાવાદ સહિત રાજ્યના તમામ શહેરોમાં આવેલ સીબીએસઈ શાળાઓમાં ૨૫મી સપ્ટેમ્બરથી સ્વચ્છ ભારત, સ્વચ્છ વિદ્યાલય અભિયાનનો પ્રારંભ કરાવવામાં આવ્યો છે આ અભિયાન ૩૧મી ઓક્ટોબર સુધી ચાલશે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ કેન્દ્ર સરકાર અત્યારે વિવિધ સરકારી વિભાગોમાં સ્વચ્છતા સપ્તાહની ઉજવણી કરી રહી છે ત્યારે કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા સંલગ્ન તમામ શાળાઓને પરીપત્ર પાઠવીને તા. ૨૫ સપ્ટેમ્બરથી ૩૧મી ઓક્ટોબર સુધી સ્વચ્છ ભારત, સ્વચ્છ વિદ્યાલય અભિયાનનું આયોજન કરવા જણાવ્યું છે. સીબીએસઈના પરિપત્રમાં નોંધવામાં આવ્યું છે કે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીનો સિદ્ધાંત હતો કે સ્વચ્છતા ત્યાં પ્રભુતા. ત્યારે હવે તેમના જન્મદિવસે દેશભરની સીબીએસઈ શાળાઓમાં સ્વચ્છ ભારત, સ્વચ્છ વિદ્યાલય અભિયાનને પાર પાડીને આપણે પુજ્ય બાપુને ભાવભીની શ્રધ્ધાંજલી આપવાની છે જેના પગલે દરેક શાળાઓએ ૨૫મી સપ્ટેમ્બરથી ૩૧મી ઓક્ટોબર સુધી સ્વચ્છતા અભિયાનમાં શાળાઓના વિદ્યાર્થીઓ, શિક્ષકો, સ્કુલ મેનેજમેન્ટ અને વાલીઓ પણ જોડાયા છે એટલું જ નહીં સીબીએસઈના પરીપત્ર મુજબ દરેક શાળાએ પોતાના વિદ્યાર્થીઓ દ્વારા ચલાવવામાં આવેલ સ્વચ્છતા અભિયાનના સંયોજનની માહિતી, તે અંતર્ગત કરાયેલ કામોની માહિતી તેમજ તેના ફોટોગ્રાફસ સીબીએસઈની વેબસાઈટ ઉપર અપલોડ કરવાના રહેશે. આ રેટીંગના આધારે ટોચની શાળાઓને એવોર્ડથી પણ સન્માનિત કરવામાં આવશે. આ અભિયાનમાં ગ્રીન રેટીંગ મેળવનાર શાળાઓને એક લાખ રૂપિયા, બ્લ્યુ રેટીંગ મેળવનાર શાળાઓને ૭૫ હજાર રૂપિયા અને યલો રેટીંગ મેળવનાર શાળાઓને ૨૫ હજાર રૂપિયાનું ઈનામ આપવામાં આવશે જ્યારે બ્લેક અને રેડ રેટીંગ મેળવનાર શાળાઓને સ્થિતિ સુધારવા માટે સુચના આપવામાં આવશે.

## ચિલોડાના અગ્રણી પ્રવિણભાઈ પટેલનું દુ:ખદ અવસાન

ચિલોડા, તા. ૨૬

ચિલોડા ગામના યુવાન અગ્રણી ભાજપના નેતા પ્રવિણભાઈ ફુલાભાઈ પટેલનું બિમારીના કારણે દુ:ખદ અવસાન થતાં ગ્રામજનોમાં શોકની લાગણી ફેલાવા પામી છે. સ્વ. પ્રવિણભાઈ ચિલોડાની વિવિધ સહકારી સંસ્થાઓમાં હોદેદાર તરીકે સેવાઓ આપી રહ્યા હતા. તેમજ જિલ્લા દૂધ ઉત્પાદક મંડળી મધુર ડેરીમાં પણ તેઓ ડિરેક્ટર પદે રહી ચુક્યા હતા. તેઓએ ચિલોડાની સહકારી સંસ્થાઓમાં ડિરેક્ટર તેમજ ચેરમેન પદે સેવા આપી હતી. તેમજ ચિલોડામાં ભારતીય જનતા પક્ષની સંગઠનની પ્રવૃત્તિમાં સક્રિય ભાગ ભજવ્યો હતો. તેમના દુ:ખદ અવસાનને કારણે ગ્રામજનોમાં શોકની લાગણી ફેલાઈ હતી અને તેમની અંતિમ યાત્રામાં ગ્રામજનો સહિત જિલ્લા અને તાલુકાના અગ્રણીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી તેમને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.



હિંમતનગરમાં કુપોષિત બાળકોના લાભાર્થે કરન જાદુગરનો શો યોજાયોઁ સાબરકાંઠા ગર્વમેન્ટ સર્વન્ટ રિક્રએશન કલબ ધ્વારા કુપોષિ બાળકોના લાભાર્થે હિંમતનગરના ટાઉનહોલ ખાતે કરન જાદુગરના શોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કલેકટર બંછાનિધિ પાની જિલ્લા વિકાસ અધિકારી નાગરાજન, જિલ્લા પોલીસ વડા -વિણ માલ, અધિક કલેકટર એસ.ડી.ધાનાણી, હિંમતનગર ઈન્ચાર્જ માલતદાર વસંત પટેલ સહિત અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસથિત રહ્ના હતા. જાદુગર કરને હેરતભર્યા -યોગો રજૂ કરી -ક્ષકોને મંત્રમુગ્ધ કરી દિધા હતા.

## ધમાસણામાં આવતી કાલે બ્રહ્માણી માતાજીનો આઠમો પાટોત્સવ યોજાશે

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના ધમાસણાગામે શ્રી કાત્યાયની બ્રહ્માણી ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ સમાજ દ્વારા તા. ૨૮મી સપ્ટેમ્બરના રોજ બ્રહ્માણી માતાના આઠમા પાટોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ પાટોત્સવ દરમિયાન સમાજની બેઠકનું પણ આયોજન હાથ ધરવામાં આવ્યું છે. બ્રહ્માણી માતાના આ આઠમા પાટોત્સવમાં સવારે ૮ વાગે યજ્ઞ દ્વારા પ્રાંરભ થશે અને ૮.૩૦ વાગે ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવશે. આ પાટોત્સવમાં સાંજે ૪ વાગે શ્રીફળ હોમવામાં આવશે અને ત્યારબાદ મહાપ્રસાદ ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ધાર્મિક કાર્યક્રમમાં ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ સમાજના સભ્યોને હાજર રહેવા નિમંત્રણ આપવામાં આવ્યું છે.



## જ્ઞાનકુંભ

- દર્શન મારૂ

### વર્તમાન પ્રવાહો

૧. હાલ વાત્રક બંધ યોજના કયા જિલ્લામાં આવેલી છે?

➜ **અરવલ્લી**

૨. હાલ મચ્છુ બંધ યોજના કયા જિલ્લામાં આવેલી છે?

➜ **મોરબી**

૩. હાલ મેશ્વો બંધ યોજના કયા જિલ્લામાં આવેલી છે?

➜ **અરવલ્લી**

૪. હાલ કયા જિલ્લામાં કેસર કેરીનું સૌથી વધુ ઉત્પાદન થાય છે?

➜ **ગીર સોમનાથ (તલાળા)**

૫. ગીર નેશનલ પાર્ક કયા જિલ્લામાં આવેલો છે?

➜ **ગીર સોમનાથ**

૬. નવા રચાયેલા દેવભૂમિ દ્વારકામાં કયો નેશનલ પાર્ક આવેલો છે?

➜ **મરીન નેશનલ પાર્ક**

૭. નવા રચાયેલા મોરબી જિલ્લામાં કયું અભયારણ્ય આવેલું છે?

➜ **રામપરા**

૮. ૨૦૧૩માં રાજયના જિલ્લાઓમાં વિભાજન થનાર રાજકોટ જિલ્લાને કેટલા જિલ્લાની સરહદ સ્પર્શે છે?

➜ **૭ (સાત)**

૯. ૨૦૧૩માં રાજયના જિલ્લાઓનાં વિભાજન થતા ખેડા જિલ્લાને કેટલા જિલ્લાની સરહદ સ્પર્શે છે?

➜ **૭ (સાત)**

૧૦. ૨૦૧૩માં રાજયના જિલ્લાઓમાં વિભાજન થતા અમદાવાદ જિલ્લાને કેટલા જિલ્લાની સરહદ સ્પર્શે છે?

➜ **૭ (સાત)**

૧૧. ૨૦૧૩માં ગુજરાતના કયા સ્થળે વૈશ્વિક કૃષિ સંમેલન યોજાયું હતું?

➜ **ગાંધીનગર**

૧૨. ૨૦૧૩માં ગુજરાતમાં કેટલા નવા તાલુકાની રચના કરવામાં આવી હતી?

➜ **૨૪**

૧૩. ૨૦૧૩માં ગરમીની ઘટના અને તેની ચેતવણીની પદ્ધતિ વિકસાવનાર દક્ષિણ એશિયાનું પ્રથમ શહેર કયું છે. ?

➜ **અમદાવાદ**

૧૪. ૨૦૧૩માં ફિલ્મ અભિનેત્રી આશા પારેખના હસ્તે કયા રમતવીરને ખેલ શિરોમણી પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો?

➜ **તીરંદાજ દિનેશભાઇ ભીલ**

૧૫. ૨૦૧૩માં પ્રકાશિત થયેલ 'નરેન્દ્ર મોદી ધ મેન ટાઈમ્સ' પુસ્તકના લેખક કોણ છે?

➜ **નિલંજન મુખોપાધ્યાય**

૧૬. ૨૦૧૩માં ગુજરાતના કયા સ્થળે અસ્મિતા પર્વ યાજોયું હતું?

➜ **મહુવા**

૧૭. ૨૦૧૩માં ભારતના કયા રાજયને સ્કીલ ડેવલપમેન્ટનો પુરસ્કાર વડાપ્રધાન દ્વારા એનાયત કરવામાં આવ્યો હતો?

➜ **ગુજરાત**

૧૮. ૨૦૧૩માં ગુજરાતમાં યોજાયેલા નવમાં કૃષિ મહોત્સવનો પ્રારંભ કયા સ્થળેથી કરવામાં આવ્યો હતો?

➜ **રાધનપુર (જિ.પાટણ)**

૧૯. ૨૦૧૩માં ગુજરાત રાજયના નવા વિઝિલન્સ કમિશ્નર તરીકે કોની વરણી કરવામાં આવી છે?

➜ **એ.કે. જોતિ**

૨૦. તાજેતરમાં સાસણગીરમાં પ્રવાસીઓને આકર્ષવા કયો પાર્ક બનાવવાનું નક્કી કરવામાં આવ્યું છે?

➜ **દીપડા પાર્ક**



### કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ડિપાર્ટમેન્ટ ઓફ જર્નાલિઝમનું ગૌરવ

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા આયોજિત યુનિવર્સિટી કક્ષાની નિબંધ લેખન સ્પર્ધામાં ડિપાર્ટમેન્ટ ઓફ જર્નાલિઝમના સમીર રામીએ ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરતા ૮૫૮ હરિફો વચ્ચે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ હતુ. આ નિબંધ સ્પર્ધાનો વિષય 'મેક યોર મધર સ્માઈલ' હતો. સમીર રામીએ યુનિવર્સિટી તરફથી ગાંધીનગર સમાચારના તંત્રી અને ડિપાર્ટમેન્ટ ઓફ જર્નાલિઝમના અધ્યાપક કૃષ્ણકાન્ત જહાના હસ્તે પ્રમાણપત્ર અને ટ્રોફી એનાયત કરવામાં આવ્યા હતા. (તસવનીર : દિલીપ પ્રજાપતિ)

# આરટીઆઈ અમલને સુદ્રઢ બનાવવા IIM મદદ કરશે

### આજે અને રવિવારના દિવસે કાર્યશાળા યોજવાનો નિર્ણય

અમદાવાદ, તા.૨૬

અમદાવાદ સ્થિત પ્રખ્યાત શૈક્ષણિક સંસ્થા ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ (આઈઆઈએમ) દ્વારા શૈક્ષણિક અભિયાનોની સાથે સાથે હવે સામાજીક જવાબદારીઓનું વહન કરતાં અભિયાનો પણ ચલાવવામાં આવી રહ્યા છે જે અંતર્ગત આઈઆઈએમ હવે રાજયના બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણના અધિકાર અપાવવા માટે રાજ્યની સરકારી, ગ્રાન્ટેડ શાળાઓમાં બનાવાયેલી શાળા પ્રબંધન સમિતીને રાઈટ ટુ એજયુકેશનનાં પાઠ ભણાવશે. રાજયનાં બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણના અધિકાર અપાવવા માટે રાજ્યની સરકારી, ગ્રાન્ટેડ શાળાઓમાં બનાવાયેલી શાળા પ્રબંધન સમિતિના સભ્યોને રાઈટ ટુ એજ્યુકેશન ભણાવવા માટે આઈઆઈએમના રાઈટ ટુ એજ્યુકેશન દ્વારા આવતીકાલે અને રવિવારે એમ બે દિવસીય કાર્યશાળાનું આયોજન કરાયું છે. જે અંતર્ગત આવતીકાલે નેશનલ યુનિવર્સિટી ઓફ એજ્યુકેશનલ પ્લાનિંગ એન્ડ એડમિનિસ્ટ્રેશનના પ્રોફેસર નલીની જુનેજા શિક્ષણના અધિકારનો વિકાસ વિષય ઉપર પોતાનો વિચાર વ્યક્ત કરશે તેમણે દેશમાં અમલી બનાવાયેલ રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ-૨૦૦૯ને તૈયાર કરવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી જ્યારે આ કાર્યશાળાના બીજા દિવસે એટલે કે રવિવારના રોજ શાળા વ્યવસ્થા સમિતિના સભ્યોને શાળામાં શિક્ષણને વધુ સારૂં બનાવવા માટે વિદ્યાર્થીઓને શિક્ષણની તરફ આકર્ષિત કરવા અને શિક્ષકોની અભ્યાસ કરવાની ક્ષમતાને વધુ તેજસ્વી બનાવવા માટે પાઠ ભણાવવામાં આવશે. આ બે દિવસીય કાર્યશાળામાં મુંબઈની એક એનજીઓ અને આરટીઈ ફોરમની પણ મદદ લેવામાં આવશે.